GJAN070002082025

सत्यमेव जयते

# તારાપુરના મહે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેસ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.તારાપુર

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૦/૦૬/૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ નંબર | ૧૩૧/૨૦૨૫ |
| આંક | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન | તારાપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧૨૧૫૦૨૯૨૩૦૦૧૭/૨૦૨૩ |
| ફરિયાદી | ગુજરાત સરકાર |
| ફરિયાદ પક્ષે | વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી એમ.એચ.રાઠોડ |
| આરોપી | (૧) મહેન્દ્રભાઈ ઉર્ફે રાજુ રતીલાલ ઠાકોર ઉ.વ.૪૨<br>(૨) રમિલાબેન વા/ઓ ગોપલભાઈ વાઘજીભાઈ પરમાર<br>બન્ને રહે.તારાપુર ભાથીજી ફળીયુ, તા.તારાપુર, જિ.આણંદ |
| બચાવ પક્ષે | વિ.વ.શ્રી જી.ડી.પરમાર |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૦/૦૧/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૩૦/૦૧/૨૦૨૩ |
| આખરી અહેવાલની તારીખ | ૨૦/૦૨/૨૦૨૩ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૦૪/૦૩/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૫/૦૫/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૧૫/૦૬/૨૦૨૬ |
| આખરી હુકમ | નિર્દોષ |

## –:: આરોપીની વિગત ::–

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | મહેન્દ્રભાઈ ઉર્ફે રાજુ રતીલાલ ઠાકોર | ૩૧/૦૧/૨૩ | ૩૧/૦૧/૨૩ | પ્રોહિબિશન એકટની કલમ–૬૫(ઈ), ૬૫(એફ) મુજબ | નિર્દોષ | – | – |
| (૨) | રમિલાબેન વા/ઓ ગોપલભાઈ વાઘજીભાઈ પરમાર | ૩૧/૦૧/૨૩ | ૩૧/૦૧/૨૩ | પ્રોહિબિશન એકટની કલમ–૬૫(ઈ), ૬૫(એફ) મુજબ | નિર્દોષ | – | – |



સહી/–

# –:: ચુકાદાનું પરિશિષ્ટ ::–

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

(અ) ફરિયાદ પક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર | આંક | તારીખ |
|---|---|---|---|---|
| (૧) | અસ્ફાકઅલી કાસમઅલી | ફરિયાદી | ૦૭ | ૧૫/૦૫/૨૦૨૫ |
| (૨) | વિષ્નુભાઇ ગોવિંદભાઇ પરમાર | પંચ સાહેદ | ૦૯ | ૦૬/૦૬/૨૦૨૫ |
| (૩) | મેહુલભાઇ જશભાઇ પરમાર | પંચ સાહેદ | ૧૧ | ૦૬/૦૬/૨૦૨૫ |
| (૪) | જીલુભાઇ ભાણાભાઇ | સાહેદ | ૧૩ | ૨૩/૧૨/૨૦૨૫ |
| (૫) | દેવજીભાઇ હીરાભાઇ રોહીત | ત.ક.અ. | ૧૫ | ૨૯/૦૧/૨૦૨૬ |

(બ) બચાવ પક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| સાહેદ નં.૧ | બચાવ પક્ષે કોઇ સાહેદ તપાસેલ નથી | – |
| સાહેદ નં.૧ | બચાવ પક્ષે કોઇ સાહેદ તપાસેલ નથી | – |

(ક) અદાલત દ્વારા

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| સાહેદ નં.૧ | બચાવ પક્ષે કોઇ સાહેદ તપાસેલ નથી | – |

ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજુ દસ્તાવેજોના આંકની યાદી

(અ) ફરિયાદ

| અનુ.નં. | વર્ણન | આંક | તારીખ |
|---|---|---|---|
| (૧) | ફરિયાદ | ૦૮ | ૩૦/૦૧/૨૦૨૩ |
| (૨) | પંચનામું | ૧૦ | ૩૦/૦૧/૨૦૨૩ |
| (૩) | એફ.એસ.એલ ની રવાનગી પત્રક | ૧૬ | ૩૦/૦૧/૨૦૨૩ |

(બ) બચાવ

| અનુ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| (૧) | – | – |

(ક) ન્યાયાલય

| અનુ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| (૧) | – | – |

(ડ) ભૌતિક પદાર્થ

| અનુ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| (૧) | – | – |

## – :: ચુકાદો :: –

**ફરિયાદ પક્ષની ટુંકમાં હકીકત અને આરોપી વિરૂદ્ધનું તહોમત:–**

(૧) હાલના કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૩૦/૦૧/૨૦૧૩ ના કલાક ૧૭:૧૫ દરમ્યાન મોજે તારાપુર માયા હોટલ સામે ખેતરમાં પોતાના અંગ કબ્જામાં તથા દેખરેખ હેઠળ વગર પાસ પરમીટનો બે પ્લોના ગેલનમાં આશરે ૨૦ લીટર દેશીદારૂ કિંમત રૂા.૪૦૦/– તથા ૨૦ પ્લાના પીપોમાં ૧૦૦૦ લીટર જેટલો વોશ કિંમત રૂા.૨,૦૦૦/– મળી કુલ્લે કિંમત રૂા.૨,૪૦૦/– ના મુદ્દામાલ રાખી મળી આવી ગુનો કરી પ્રોહિબિશન એકટની કલમ–૬૫(ઈ), ૬૫(એફ) મુજબ નો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ તારાપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧૨૧૫૦૨૯૨૩૦૦૧૭/૨૦૨૩ થી જાહેર કરેલ છે જે ગુનો પોલીસે નોંધી તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

આ કામે આરોપીઓને સમન્સની ધોરણસરની બજવણી થતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ વીના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને આંક–૩ થી તહોમતનામું ઘડી ત્યારબાદ આંક–૪ અને આંક–૫ થી આરોપીઓની પ્લી લગત રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીઓએ પોતાની પ્લી દરમ્યાન ગુનો કબુલ ન હોય કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ છે. આ કામે બચાવ પક્ષે વિ.વ.શ્રી જી.ડી.પરમાર હાજર છે.

**ફરિયાદ પક્ષનો પુરાવો:–**

(૨) સૌ પ્રથમ આ કામે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે આંક–૭ થી ફરિયાદી અસ્ફાકઅલી કાસમઅલીને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે

કે, તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ તેઓ એલ.સી.બી. આણંદ ખાતે ફરજ ઉપર હાજર હતાં તે સમયે મહે. પોલીસ અધિક્ષક શ્રી આણંદ નાઓએ પ્રોહી. અંગેની ડ્રાઈવનું આયોજન કરેલ હોય તે અનુસંધાને તેઓ તથા એ.એસ.આઈ. જાલમસિંહ તથા અ.હે.કો. જીલુભાઈ ભાણાભાઈ તથા અ.હેડ.કો. પ્રમેશકુમાર ગુલસિંગભાઈ તથા અ.હેડ.કો.હિતેશકુમાર જીવાભાઈ તથા અ.પો.કો રાજવિરસિંહ ધનશ્યામસિંહ એ રીતેના એલ.સી.બી. સ્ટાફના પી.માણસો પ્રોહી. ડ્રાઈવમાં નિકળેલા અને ફરતા ફરતા તારાપુર ચોકડી આવતા તેઓને બાતમીદારથી બાતમી હકિકત મળેલ કે માથા હોટલ સામે, નહેર પાસે ખેતરમાં આવેલ છાપરામાં તારાપુર ભાથીજીવાળા ફળીયામાં રહેતો મહેંદ્રભાઈ ઉર્ફે રાજુ રતિલાલ ઠાકોર નાઓ દેશી દારૂ ગાળી વેચાણ કરી કરાવે છે. વિગેરે મતલબેની બાતમી હકિકત મળેલ હોય સદર જગ્યાએ રેઈડ કરવાની હોય નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચોને ઉપરોકત બાતમી હકિકતની જાણ કરી પંચમાં રહેવા સમજ કરતા સ્વખુશી દર્શાવતા પંચોના માણસો સાથે સદર બાતમીવાળી જગ્યાએ જતા એક ઇસમ તેઓ પોલીસને દૂરથી જોઈ જતા તેના હાથમાં બે પ્લાસ્ટીકના ગેલનીચ લઈ નાસવા જતા તેને દોડીને ત્યાં જ રોકી લઈ પંચો રૂબરૂ જેનું નામ ઠામ પુંછતા પોતાનું નામ મહેંદ્રભાઈ ઉર્ફે રાજુ રતિલાલ ઠાકોર, ઉ.વ-૪૨, ધંધો-ખેતી રહે.તારાપુર ભાથીજીવાળુ કળીયુ, તા.તારાપુર, જી.આણંદનો હોવાનું જણાવેલ. સદર ઈસમ પાસેના હાથમાંનુ ગેલનીયા લઈ જોતા એક ગેલનમાં આશરે ૧૦ લીટર તથા બીજા ગેલનીયામાં આશરે ૧૦ લીટર જેટલું પ્રવાહી ભરેલ હતુ. જે ગેલનીયાના બુચ ખોલી અંદરનુ પ્રવાહી પંચો રૂબરૂ સુંધી-સુંઘાવી ખાત્રી તપાસ કરતા તેમાંથી દેશીદારૂની પુષ્કળવાસ આવતી હતી. તેમજ છાપરામાં તથા આજુબાજુમાં તપાસ કરતા છાપરામાં પ્લાસ્ટીકના ૫ પીપ ગોળ મરી માસલાથી આથેલ તૈયાર વોશ ભરેલ હતો. તેમજ બહાર જોળા-જોળ નજીક નજીકમાં ૧૫ પીપમાં પણ ગોળ મરી માસલાથી આથેલ તૈયાર વોશ ભરેલ

હતો. જે એક પીપમાં ૫૦ લીટર લેખે ૧૫ પ્લા.ના પીપમાંનો વોશ આશરે ૧૦૦૦ લીટર વોશ ભરેલ હતો. જેથી સદર ઇસમ પાસે અંગ કબ્જામાં તથા દેખભાળ હેઠળ દેશી દારૂ તથા દારૂ ગાળવાનો વોશ રાખવા બદલનું પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવેલ. સદર બન્ને પ્લાસ્ટીકના ગેલનમાંથી નમુનાનો ૧૫૦ મીલી જેટલો દેશીદારૂ એક કાચની ખાલી શીશીમાં દારૂ ભરી લઇ તથા વોશ ભરેલ પીપમાંથી થોડો થોડો વોશ કાઢી એક કાચની ખાલી શીશીમાં વોશ ભરી લઈ પ્રમાણસર મોરથુથુ નાખી વોશ ભરી લઈ બન્ને શીશીઓ તથા બન્ને ગેલનના મોઢે બુચ મારી દોરાથી બાધી લાખ વડે પો.ઇન્સ. એલ.સી.બી.આણંદના હોદ્દાના શીલસીક્કા કરી પંચનામાની વિગતે પ્રોહી. મુદામાલ વોશ ભરેલ પ્લા.ના પીપો સ્થળ ઉપર નાશ કરી આશરે ૧૦૦૦ લીટર વોશની કિમત રૂપિયા ૨૦૦૦/- જેટલી ગણી તપાસ અર્થે કબજે લેવામાં આવેલ જેનું વિગતવારનું પંચનામું કરી લેવામાં આવેલ. બનાવ અંગેની ફરિયાદ તારાપુર પોલીસ સ્ટેશન ખાતે તેઓએ આપેલી. તેમને ફરિયાદની નકલ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમાં તેમની સહી છે જે તેઓ ઓળખે છે જે આંક-૮ થી રજુ છે. આરોપીને જોયેથી ઓળખે છે.

સદર ફરિયાદીની આરોપીઓ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, કહેવાતા બનાવવાળી જગ્યાએ આજુબાજુ ખેતરો તથા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, આ મકાનોમાં માણસો વસવાટ કરે છે. એ વાત ખરી છે કે, કહેવાતી ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી. એ વાત ખરી છે કે, તેમના ઉપલા અધિકારી મારફતે દારૂ તથા જુગારના કેસો માટે સૂચના આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવવાળી જગ્યાએ કેનાલ ઉપર તારાપુરથી સોજીત્રા જવાનો સીંગલ પટ્ટી રોડ છે ત્યાં વાહનો તથા માણસોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી નથી કે, બીનવારસી મુદ્દામાલ ખોટી રીતે

 સહી/-

આરોપીના કબજામાં બતાવી કામગીરી બતાવા ખોટી ફરિયાદ કરેલ છે.

(૩) ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૯ થી પંચ સાહેદ વિષ્નુભાઇ ગોવિંદભાઇ પરમારને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, આજથી આશરે દોઢેક વર્ષ પહેલા તેઓ તારાપુર મોટી ચોકડી ઉભા હતા તે વખતે પોલીસે તેમને એક તૈયાર થયેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી તે સિવાય તેઓ કશું જાણતા નથી જેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખે છે જે આંક–૧૦ થી રજુ છે.

જયારે સદર પંચ સાહેદ બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી તરફે સદર પંચ સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસમાં કરવામાં આવતા સાહેદે સૂચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ છે અને ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ નથી.

સદર પંચ સાહેદની આરોપીઓ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજુ કશું જાણતા નથી.

(૪) ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૧૧ થી પંચ સાહેદ મેહુલભાઇ જશભાઇ પરમારને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તેમને આંક–૧૦ વાળું પંચનામું બતાવવામાં આવે છે જેમાં તેમની પંચ નં.૨ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખે છે. આજથી આશરે દોઢેક વર્ષ પહેલા તેઓ તારાપુર મોટી ચોકડી ઉભા હતા તે વખતે પોલીસે તેમને એક તૈયાર થયેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી તે સિવાય તેઓ કશું જાણતા નથી.

જયારે સદર પંચ સાહેદ બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી તરફે સદર પંચ સાહેદને ફરી ગયેલ જાહેર કરી

 સહી/–

ઉલટતપાસમાં કરવામાં આવતા સાહેદે સૂચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ છે અને ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ નથી.

સદર પંચ સાહેદની આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજુ કશું જાણતા નથી.

(૫) ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૧૩ થી સાહેદ એ.એસ.આઇ. જીલુભાઇ ભાણાભાઈને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ તેઓ એલ.સી.બી. આણંદ ખાતે ફરજ ઉપર હાજર હતા તે સમયે મહે.પોલીસ અધિક્ષક શ્રી આણંદ નાઓએ પ્રોહી. અંગેની ડ્રાઇવનું આયોજન કરેલ હોય તે અનુસંધાને તેઓ તથા એ.એસ.આઈ. જાલમસિંહ તથા અ.પો.કો. અશફાકઅલી કાસમઅલી તથા અ.હેડ.કો. પ્રમેશકુમાર ગુલસિંગભાઈ તથા અ.હેડ.કો. હિતેશકુમાર જીવાભાઈ તથા અ.પો.કો. રાજવિરસિંહ ધનશ્યામસિંહ એ રીતેના એલ.સી.બી. સ્ટાફના પી.માણસો પ્રોહી. ડ્રાઇવમાં નિકળેલા અને ફરતા ફરતા તારાપુર ચોકડી આવતા તેઓને બાતમીદારથી બાતમી હકિકત મળેલ કે, માથા હોટલ સામે, નહેર પાસે ખેતરમાં આવેલ છાપરામાં તારાપુર ભાથીજીવાળા ફળીયામાં રહેતો મહેંદ્રભાઇ ઉર્ફે રાજુ રતિલાલ ઠાકોર નાઓ દેશી દારૂ ગાળી વેચાણ કરી કરાવે છે. વિગેરે મતલબેની બાતમી હકિકત મળેલ હોય સદર જગ્યાએ રેઇડ કરવાની હોય નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચોને ઉપરોકત બાતમી હકિકતની જાણ કરી પંચમાં રહેવા સમજ કરતા સ્વખુશી દર્શાવતા પંચોના માણસો સાથે સદર બાતમીવાળી જગ્યાએ જતા એક ઇસમ તેઓ પોલીસને દૂરથી જોઈ જતા તેના હાથમાં બે પ્લાસ્ટીકના ગેલનીયા લઈ નાસવા જતા તેને દોડીને ત્યાંજ રોકી લઇ પંચો રૂબરૂ જેનું નામ ઠામ પુંછતા પોતાનું નામ મહેંદ્રભાઈ ઉર્ફે રાજુ રતિલાલ ઠાકોર, ઉ.વ.૪૨ ધંધો:ખેતી,

 સહી/-

રહે.તારાપુર ભાથીજીવાળુ કળીયું, તા.તારાપુર, જિ.આણંદનો હોવાનું જણાવેલ. સદર ઈસમ પાસેના હાથમાનું ગેલનીયા લઈ જોતા એક ગેલનમાં આશરે ૧૦ લીટર તથા બીજા ગેલનીયામાં આશરે ૧૦ લીટર જેટલું પ્રવાહી ભરેલ હતુ. જે ગેલનીયાના બુચ ખોલી અંદરનુ પ્રવાહી પંચો રૂબરૂ સુંધી–સુંધાવી ખાત્રી તપાસ કરતા તેમાંથી દેશીદારૂની પુષ્કળવાસ આવતી હતી. તેમજ છાપરામાં તથા આજુબાજુમાં તપાસ કરતા છાપરામાં પ્લાસ્ટીકના ૫ પીપ ગોળ મરી માસલાથી આથેલ તૈયાર વોશ ભરેલ હતો. તેમજ બહાર જોળા–જોળ નજીક નજીકમાં ૧૫ પીપમાં પણ ગોળ મરી માસલાથી આથેલ તૈયાર વોશ ભરેલ હતો. જે એક પીપમાં ૫૦ લીટર લેખે ૧૫ પ્લા.ના પીપમાંનો વોશ આશરે ૧૦૦૦ લીટર વોશ ભરેલ હતો. જેથી સદર ઇસમ પાસે અંગ કબ્જામાં તથા દેખભાળ હેઠળ દેશી દારૂ તથા દારૂ ગાળવાનો વોશ રાખવા બદલનું પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવેલ. સદર બંન્ને પ્લાસ્ટીકના ગેલનમાંથી નમુનાનો ૧૫૦ મીલી જેટલો દેશીદારૂ એક કાચની ખાલી શીશીમાં દારૂ ભરી લઇ તથા વોશ ભરેલ પીપમાંથી થોડો થોડો વોશ કાઢી એક કાચની ખાલી શીશીમાં વોશ ભરી લઇ પ્રમાણસર મોરથુથુ નાખી વોશ ભરી લઈ બંન્ને શીશીઓ તથા બન્ને ગેલનના મોંઢે બુચ મારી દોરાથી બાધી લાખ વડે પો.ઇન્સ. એલ.સી.બી. આણંદના હોદાના શીલસીક્કા કરી પંચનામાની વિગતે પ્રોહી મુદામાલ વોશ ભરેલ પ્લા.ના પીપો સ્થળ ઉપર નાશ કરી આશરે ૧૦૦૦ લીટર વોશની કિમત રૂપિયા ૨૦૦૦/– જેટલી ગણી તપાસ અર્થે કબજે લેવામાં આવેલ જેનું વિગતવારનું પંચનામું કરી લેવામાં આવેલ. બનાવ અંગેની ફરિયાદ તારાપુર પોલીસ સ્ટેશન ખાતે તેમની સાથેના અશફાકઅલી કાસમઅલી નાઓએ આપેલી. ત.ક.અ. બનાવ બાબતે તેમનું વિગતવારનું નિવેદન લીધેલુ, આરોપીઓને જોઈએથી ઓળખે છે. જે આરોપી નં.૧ નામદાર કોર્ટમાં હાજર છે અને આરોપી નં.૨ હાજર નથી. બચાવ પક્ષે ઓળખની તકરાર નથી.

 સહી/–

સદર સાહેદની આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ વાળી જગ્યાએ આજુબાજુ ખેતરો તથા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, આ મકાનોમાં માણસો વસવાટ કરે છે. એ વાત ખરી છે કે, કહેવાતી ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. એ વાત ખરી છે કે, તેમના ઉપલા અધિકારી મારફતે દારૂ તથા જુગારના કેસો માટે સુચના આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ વાળી જગ્યાએ કેનાલ ઉપર તારાપુર થી સોજીત્રા જવાનો સીંગલ પટ્ટી રોડ છે ત્યાં વાહનો તથા માણસોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી નથી કે, બીનવારસી મુદ્દામાલ ખોટી રીતે આરોપીના કબજામાં બતાવી કામગીરી બતાવા ખોટી જુબાની આપે છે.

(૬) ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૧૫ થી સાહેદ ત.પ.અ. દેવજીભાઈ હીરાભાઈ રોહીતને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, સને ૨૦૨૩ માં તેઓ તારાપુર પોલીસ સ્ટેશન ખાતે હેડ કોન્સટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તે સમય દરમ્યાન તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ પોલીસ કોન્સટેબલ એલ.સી.બી. પોલીસ આણંદ નાઓએ તારાપુર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રૂબરૂ આરોપી નામે મહેન્દ્રભાઈ ઉર્ફે રાજુ રતીલાલ ઠાકોર રહે.ભાથીજી ફળીયું નાઓની વિરૂધ્ધ પ્રોહી. કલમ-૬૫(ઈ)(એફ) મુજબની ફરિયાદ હકીકત આપતા તે મતલબનો ગુનો રજીસ્ટર થયેલો. ત્યારબાદ સદર ગુનાની તપાસ તેમની તરફ આવતા તેઓએ તપાસ સંભાળી લીધેલી અને લાગતા વળગતા પોલીસ સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુબજના લખી તપાસના કામે સામેલ રાખેલા તેમજ તેમની તપાસ દરમ્યાન આ કામના આરોપીઓની ગુનાના કામે અટક કરી કાર્યવાહી કરેલી તેમજ પકડાયેલ પ્રોહી. મુદ્દામાલ એફ.એસ.એલ. તપાસણી અર્થે મોકલી આપેલ. તેમને આજરોજ એફ.એસ.એલ. ની રવાનગી પત્રક બતાવવામાં આવે છે જેમાં તેમની

 સહી/-

સહી છે જે તેઓ ઓળખે છે જે આંક–૧૬ થી રજુ છે. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવા માટે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીઓને જોયેથી ઓળખે છે જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે ઓળખની તકરાર નથી.

સદર સાહેદની આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બાતમીવાળી રેડમાં તેઓ હાજર હતા નહીં ફકત તેઓએ સાહેદોના નિવેદનો લીધા સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલી નહીં. એ વાત ખરી છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, પંચનામાં તેઓએ જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે, સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદનો તેમણે જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે, બીનવારસી મુદ્દામાલ ખોટી રીતે આરોપીઓના કબ્જામાં બતાવી કામગીરી બતાવવા ખોટી તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં નામદાર કોર્ટમાં ખોટું ચાર્જશીટ રજુ કરેલ છે.

**આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવ પક્ષનો પુરાવો તથા દલીલો:–**

(૭) ત્યારબાદ ફરિયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરિયાદ પક્ષે રજુ પુરાવા અનુસંધાને આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નીવેદન પ્રશ્નોતરી સ્વરૂપે નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેમની વિરૂદ્ધના પુરાવાનો ઈન્કાર કરેલ છે તથા સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવમાં સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. જયારે વિશેષમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીઓ તદ્દન નિર્દોષ છે. પોલીસે કામગીરી બતાવવા બિનવારસી મુદ્દામાલ ખોટી રીતે આરોપીના કબ્જામાં બતાવી ખોટી હકીકતો ઉભી કરી હાલની ખોટી ફરિયાદ દાખલ કરેલ છે અને તપાસ કરનાર અમલદારે ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ રજુ કરેલ છે તેમ જણાવેલ છે.



સહી/–

(૮) વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક રજુઆત કરવામાં આવેલ છે તેઓ રજુઆત કરે છે કે, ફરિયાદ પક્ષના સાહેદો સદર હકીકતને સમર્થન આપતા હોય અને તેમની જુબાનીને અસ્વીકાર કરવા માટે કોઈ કારણ નથી. વધુમાં જણાવે છે કે, દસ્તાવેજી અને મૌખિક પુરાવો વ્યાજબી શંકા બહાર ગુનો સાબિત કરેલ છે અને તે અરજ છે કે, આરોપીઓને સદર ગુના માટે સજા કરવામાં આવે છે.

આરોપીઓના વિ.વ.શ્રીની મૌખિક દલીલ સાંભળી અને તે રજુઆત કરે છે કે, સરકારશ્રી વ્યાજબી શંકાથી બહાર તેનો કેસ સ્થાપિત કરવામાં નિષ્ફળ રહેલ છે. વધુમાં જણાવે છે કે, ફરિયાદ પક્ષનો કેસ ખોટો અને બનાવટી છે અને ફરિયાદ પક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી જેથી કહેવાતો મુદ્દામાલ હાલના આરોપીઓના કબજામાંથી જ મળેલ છે તેમ ફરિયાદ પક્ષ પુરવાર કરતા ન હોય તેથી આરોપીઓને ઉપરોક્ત ગુનામાંથી નિર્દોષ છોડવાની અરજ કરવામાં આવેલ છે.

**પોઈન્ટ ઓફ ડિચરમિનેશન**

(૯) આ કામે સદરહુ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૩૦/૦૧/૨૦૧૩ ના કલાક ૧૭:૧૫ દરમ્યાન મોજે તારાપુર માયા હોટલ સામે ખેતરમાં પોતાના અંગ કબ્જામાં તથા દેખરેખ હેઠળ વગર પાસ પરમીટનો બે પ્લોના ગેલનમાં આશરે ૨૦ લીટર દેશીદારૂ કિંમત રૂા.૪૦૦/- તથા ૨૦ પ્લાના પીપોમાં ૧૦૦૦ લીટર જેટલો વોશ કિંમત રૂા.૨,૦૦૦/- મળી કુલ્લે કિંમત રૂા.૨,૪૦૦/- ના મુદ્દામાલ રાખી મળી આવી ગુનો કરી પ્રોહિબિશન એકટની કલમ-૬૫(ઈ), ૬૫(એફ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?



સહી/-

(૧૦) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ – નકારમાં

મુદ્દા નં.ર – આખરી હુકમ મુજબ

**ન્યાય નિર્ણય:–**

(૧૧) ફરિયાદ પક્ષ દ્વારા ઉપર મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે. સમગ્ર પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરતા અને ફરિયાદ પક્ષના સાહેદોની જુબાની, પંચનામું તેમજ કેસના સંજોગોને ધ્યાનમાં લેતાં આ અદાલત નીચે મુજબના તારણ ઉપર આવે છે.

હાલના કામે ફરિયાદ પક્ષનો મુખ્ય આધાર પોલીસ સાહેદોની જુબાની તથા પંચનામાં ઉપર રહેલો છે, પરંતુ ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ પંચ સાહેદ વિષ્નુભાઈ ગોવિંદભાઈ પરમાર આંક–૯ થી તથા મેહુલભાઈ જશભાઈ પરમાર આંક–૧૧ પર પોતાની જુબાનીમાં સ્પષ્ટ જણાવે છે કે, તેઓ તારાપુર મોટી ચોકડી ઉભા હતા તે વખતે પોલીસે તેમને એક તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરેલી. સદર પંચ સાહેદો પંચનામાંની હકીકતોને સંપૂર્ણપણે સમર્થન આપેલ નથી તથા ફરિયાદ પક્ષના કેસને ટેકો આપતો કોઈ વિશ્વસનીય પુરાવો આપેલ નથી. તેઓને ફરી ગયેલ જાહેર કરીને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં ફરિયાદ પક્ષને અનુકૂળ કોઈ હકીકત બહાર આવેલ નથી.

ફોજદારી કેસમાં આરોપીઓ સામેનો ગુનો ફરિયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલના કેસમાં કહેવાતી બનાવવાળી જગ્યાએ આજુબાજુ ખેતરો તથા મકાનો આવેલા હોવાનું ફરિયાદી તથા પોલીસ સાહેદે બંનેએ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે. આવી પરિસ્થિતિમાં સ્વતંત્ર તથા નિષ્પક્ષ સાહેદો સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકારીએ કોઈ સ્વતંત્ર સ્થાનિક વ્યક્તિના નિવેદનો નોંધેલ

 સહી/–

નથી કે તેઓને અદાલતમાં તપાસેલ નથી. આ પરિસ્થિતિ ફરિયાદ પક્ષના કેસ અંગે શંકા ઉત્પન્ન કરે છે.

વધુમાં ફરિયાદી તથા તપાસ અધિકારીએ સ્વીકારેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. આ પ્રકારની મહત્વપૂર્ણ વિગતોનો અભાવ તપાસની પારદર્શકતા તથા વિશ્વસનીયતા ઉપર પ્રશ્નાર્થ ઊભો કરે છે. હાલના કામે ફરિયાદ પક્ષના મુખ્ય સાહેદો પોલીસ કર્મચારીઓ છે. કાયદો એવો નથી કે પોલીસ સાહેદોની જુબાની માત્ર એટલા માટે નકારી શકાય, પરંતુ જયારે સ્વતંત્ર સાહેદો ફરિયાદ પક્ષને સમર્થન આપતા ન હોય અને સમગ્ર કેસ માત્ર રસ ધરાવતા પોલીસ સાહેદોની જુબાની ઉપર આધારિત હોય ત્યારે આવા પુરાવાનું ખૂબ સાવચેતીપૂર્વક મૂલ્યાંકન કરવું જરૂરી બને છે. હાલના કેસમાં પોલીસ સાહેદોની જુબાનીને સમર્થન આપતો સ્વતંત્ર, નિષ્પક્ષ અને વિશ્વસનીય પુરાવો ઉપલબ્ધ નથી.

ફરિયાદ પક્ષ એ પણ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, આરોપીઓના કબજામાંથી જ મુદ્દામાલ હકીકતમાં મળી આવેલ હતો અને કબ્જા પ્રક્રિયા કાયદેસરની તથા નિષ્પક્ષ રીતે કરવામાં આવેલ હતી. પંચ સાહેદો કબ્જા પ્રક્રિયાને સમર્થન આપેલ ન હોય, તપાસમાં સ્વતંત્ર સાહેદો જોડવામાં આવેલ ન હોય તથા તપાસમાં રહેલી ખામીઓના કારણે ફરિયાદ પક્ષની હકીકત સંપૂર્ણ વિશ્વસનીય જણાતી નથી.

ફોજદારી ન્યાયશાસ્ત્રનો મૂળભૂત સિદ્ધાંત એવો છે કે, જો પુરાવામાંથી બે દ્રષ્ટિકોણ શક્ય બને તો જે દ્રષ્ટિકોણ આરોપીઓને લાભદાયક હોય તે સ્વીકારવાનો રહે છે. આરોપીઓને શંકાનો લાભ મળવો એ કાયદાનો સ્થાપિત સિદ્ધાંત છે. હાલના કામે ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો ગુનો વ્યાજબી શંકાથી પર નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું આ અદાલતનું માનવું છે.

આથી, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

 સહી/–

## – :: આખરી હુકમ :: –

(૧) આ કામના આરોપીઓ (૧) મહેન્દ્રભાઇ ઉર્ફે રાજુ રતીલાલ ઠાકોર ઉ.વ.૪૨ અને (૨) રમિલાબેન વા/ઓ ગોપલભાઇ વાઘજીભાઇ પરમાર, બન્ને રહે.તારાપુર ભાથીજી ફળીયુ, તા.તારાપુર, જિ.આણંદ નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે પ્રોહિબિશન એકટની કલમ–૬૫(ઇ), ૬૫(એફ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓના જામીનખત અને જાત મુચરકા રદ્દ કરવામાં આવે છે અને સદર આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાત જામીન અને જાત મુચરકા રજુ કરવા અગર તો જામીન તરીકે ચાલુ રહેવા પુરસીસ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાસ કરવાનો હુકમ કરવામાં આવે.

આ હુકમ આજ તા.૨૦, માહે–જુન, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: તારાપુર
તા.૨૦/૦૬/૨૦૨૬

(દિપક દત્તા)
જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
તારાપુર
(GJ-01685)

એ.એ.રાધનપુરી, ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩, તારાપુર



સહી/–